ISSN: 2319-202X

# આંકાક્ષાઓના ધરતીધામનું વ્યવસ્થાપન એટલે વર્ગ વ્યવસ્થાપન

ડૉ. ઉષા એસ. શારડા
એસોસિએટ પ્રોફેસર, એન.એસચ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, આણંદ.
Mo. 9824079403 Email:- sumatsomani@gmail.com

શાળાનો અંશ શાળાનો કેન્દ્ર તે શાળાનો વર્ગ. શાળાની પ્રતિકૃતિ વર્ગમાં ઉપસે છે. વર્ગખંડ શાળાના ધોરણોનો વાહક છે. માનવીની મહેચ્છાઓને પરિપૂર્ણ કરતું સ્થળ તે વર્ગ. વર્ગએ છાયા પડછાયા અને બદલાતા રંગોનું અનેરું જગત છે. વર્ગમાં દેશના ભાવિના હજારો નાગરિકો એવા બાળકો પ્રતિવર્ષ શિક્ષણ લે છે. તેમના ભાવિ જીવનનો વિકાસ, નકશો યા ચિત્ર વર્ગખંડમાં નિશ્ચિત થાય છે. શાળાકાળમાં દિવસ દરમિયાન લાખો સૂક્ષ્મ ઘટનાઓ અહીં બને છે. વર્ગખંડએ વિદ્યાર્થીમાં પરિવર્તનની પ્રક્રિયાની ભૂમિકા પૂરી પાડનારું સ્થાન છે. આએ ખંડ છે જ્યાંથી વિદ્યાર્થીના જીવનનું સાંગોપાંગ વ્યવસ્થાપન થાય છે. જેને પોતાનું વાતાવરણ હોય છે તેનું વ્યવસ્થાપન એટલે વર્ગ વ્યવસ્થાપન.

વર્ગખંડ વ્યવસ્થાપન એક ૩૦–૪૦ મિનિટનો ઘન (એકમ) નથી. એ ઘનનું પૃથ્થકરણ કરતાં અનેક નાનકડા બનાવો નજરે ચડે છે. વર્ગખંડ વ્યવસ્થાપનએ એકલી ભૌતિક બાબત નથી. તેમાં મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર, બાળમનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને ઉચ્ચ કોટીના માનવસંબંધોનો સમાવેશ થયેલો છે. અહીં જીવંત વ્યક્તિઓ સાથેનું વ્યવસ્થાપન છે. બે દિલોને જોડવાનું કામ અહીં થાય છે. માનવીનું અમાનવીયકરણ થતુ અટકાવવાની સાથે માનવ ઉછેરનું કામ થાય છે. તેથી જ વર્ગને માનવ ઉછેરનું કેન્દ્ર કહીએ તો અસ્થાને ન ગણાય.

એકવીસમી સદીના બીજા દશકાના અંતમાં આપણે ૪જી (ફોરજી) સુધી પહોચ્યા છીએ. ત્યારે વર્ગખંડનાં પ્રકારો પણ બદલાયા છે. અમદાવાદની એક સરકારી શાળા ગૂગલ શાળા બની છે. એજ સમયગાળામાં સમગ્ર ગુજરાતમાં "મિશન વિદ્યા" કાર્યક્રમ પણ વર્ગખંડોમાં અસ્તિત્વમાં આવ્યું છે. એકતરફ આભાસી વર્ગખંડની રચના, તો બીજી તરફ ભૌતિક વર્ગખંડની રચના. એક

પેઢી જે શીખે તે બાબત બીજી પેઢીને શીખતાં ઓછો સમય લાગે છે. ઈન્ટરનેટ અને મોબાઈલના યુગમાં પરીવર્ત પામતા સમાજ માટે બાળકોને તૈયાર કરવા વર્ગખંડ જ મહત્વનું ધરતીધામ છે.

આપણા વર્ગો, આપણે ક્યાં છીએ ? અને ક્યાં પહોચવું છે ? તેના પર દ્રષ્ટિ કરીએ.

**–: આપણા વર્ગો :–**

| વર્ગમાં | આજે | આવતીકાલે |
|---|---|---|
| બેઠક વ્યવસ્થા | • શિક્ષકકેન્દ્રી<br>• વર્ગમાં સમગ્ર વર્ષ દરમ્યાન એક જ પ્રકારની | • વિદ્યાર્થી કેન્દ્રી<br>• વર્ગમાં ચાલતી વિદ્યાર્થી–વિદ્યાર્થી વચ્ચેની આંતરક્રીયાને વેગ આપવા કદીક વર્ગને ગોળાકારે/અર્ધવર્તુળાકારે/ઘોડાની નાળ આકારે/ વિ આકારે/લંબચોરસ/ત્રિકોણાકાર બેસાડીશું. |
| ભૌતિક સુવિધાઓ | • મધ્યયુગી, મહંદઅંશે ૨૦ મી સદી પ્રમાણે<br>• અપવાદરૂપે કેટલીક શાળામાં એકાદ વર્ગ સ્માર્ટ વર્ગ | • ૨૧ મી સદી પ્રમાણે આધુનિક અધ્યયન prપ્રવૃતિ પ્રમાણે ફેરફારને અવકાશ<br>• દરેક વર્ગખંડ–સ્માર્ટ વર્ગખંડ વાઇ–ફાઈની સુવિધાઓ સહિત વન ટુ વન (એક થી એક) વિદ્યાર્થીઓ અધ્યયન કાર્ય કરી શકે તેવી રીતનું |
| વિદ્યાર્થી | • શાંત, મહદઅંશે નિષ્ક્રિય, પરાધિન, અમનોવૃત્તિવાળા, ધ્યેય સંબંધી અજ્ઞાત ઉદ્દેશવિહીન પ્રવૃત્તિમાં રત, માહિતી ભરવાના ગોદામ જેવો<br>• વર્ગખંડમાં સહયોગ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછો | • ચપળ, સક્રિય પ્રાણવાન, ઉત્સાહી, સર્જનશીલ, જિજ્ઞાસુ, અભ્યાસપરત્વે જાગૃત, ધ્યેયની સભાનતાવાળો, ઉદ્દેશલક્ષી પ્રવૃત્તિમાં રત, ICT નો જાણકાર, આત્મવિશ્વાસુ<br>• વિવિધ ચર્ચામાં પોતાનો વિચાર મૂકનારો, સક્રિય ભાગીદાર |
| શિક્ષક | • શબ્દોનો રૂઢિચૂસ્ત સહવાસી, વડીલ, વિદ્યાર્થીને ઓળખવાની અને સમજવાની જાગરૂકતાનો અભાવ, અભિનેતા, વિદ્યાર્થી પ્રત્યે ભેદભાવની નીતિ<br>• વધુ પડતા મોબાઈલ ને સોશિયલ મિડિયાનો ઉપયોગ કરનાર. | • લાગણીની લીલાશ ધરાવતો વકીલ મિત્ર, કુશળ માર્ગદર્શક ઉદાર મતવાદી, દિગ્દર્શક<br>• વિદ્યાર્થીને ઓળખવામાં એને સમજવામાં, વ્યક્તિગત જરૂરિયાતો જાણવાનો આગ્રહી<br>• મોબાઈલ અને સોશિયલ મિડિયાનો ઉપયોગ કરી વિદ્યાર્થીને સ્વાધ્યાય તરફ દોરી જનાર. |

| | | |
|---|---|---|
| શિક્ષણ પદ્ધતિ | • શિક્ષક ભણાવે<br>• શિક્ષક ભણાવે તેટલું જ વિદ્યર્થી ભણે<br>• શિક્ષક વર્ગમાંજ ભણાવે<br>• શિક્ષક પાઠ્યપુસ્તકમાંથી જ ભણાવે<br>• અધ્યયન એટલે વિષયવસ્તુ મોઢે કરાવવું | • વિદ્યાર્થી સ્વયં અભ્યાસ કરી શકે<br>• શિક્ષક ભણાવે તેનાં કરતાં વિશેષ, વિદ્યાર્થીઓ પોતાની જાતે ભણી શકે છે.<br>• વર્ગખંડની ચાર દિવાલની બહાર ભણી શકાય.<br>• સંદર્ભ પુસ્તકો કે ઇન્ટરનેટ દ્બારા વિશેષ માહિતી મળી રહે.<br>• શીખતાં શીખવું એ જ સાચુ અધ્યયન<br>• અધ્યાપન એટલે અધ્યયનની રીત શીખવવી. |
| શિસ્ત | • વિદ્યાર્થીઓ શાંત રહે.<br>• શિક્ષકે આપેલી માહિતી સ્વીકારે<br>• શિક્ષકના પ્રશ્નોના ઉત્તર આપે<br>• વર્ગમાં રોજ શિક્ષક નિર્દેશિત સ્થાને બેસીને જ અભ્યાસ કરે. | • અધ્યયન પ્રવૃત્તિમાં ભાગ લેતાં વિદ્યાર્થીઓનો થોડો અવાજ ભલે થાય.<br>• માહિતી સાચી લાગે તોજ સ્વીકારે<br>• પ્રશ્નોના ઉત્તર આપે પણ સાથે વળતા પ્રશ્નો પુછી શકે.<br>• વિદ્યાર્થી પોતાની રીતે પણ બેઠક વ્યવસ્થા બદલી શકે. |

## <u>નવી કેડી પર કદમ</u>

### પ્રવર્તમાન વર્ગો ને આવતીકાલના ઈચ્છિત વર્ગોમાં પરિવર્તિત કરવા :

વર્ગ–વ્યવસ્થાપનની પ્રક્રિયાના સુધાર માટે, આપણે શું કરી શકીએ એજ વિચારીશું.

અધ્યયન ૂ અધ્યાપનની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓનો સહયોગ વધારવા પ્રયત્નીશું.

વિદ્યાર્થી સ્વંય કાર્ય કરતો થાય, એવી પદ્બતિઓ–પ્રવિધિઓ–યુક્તિઓ વિકસાવીશું.

અધ્યાપન–અધ્યયનની પ્રક્રિયાને વધુને વધુ વૈજ્ઞાનિક બનાવીશુ તે માટે અવનવા પ્રયોગો કરતાં રહીશું.

શિક્ષક અને વિદ્યાર્થીઓનું પ્રેરણાસ્ત્રોત મમતા છે અને એનું પરિણામ માન છે. વિદ્યાર્થી સાથેનો સંબંધ મિત્ર, માળી, માર્ગદર્શક, દિગ્દર્શક જેવો રાખીશું.

વર્તમાન સમયના સંદર્ભમાં, શિક્ષણ સંસ્થા સાથે સંકળાયેલ પ્રત્યેક વ્યક્તિ હું શું કરું ? આપણે ક્યાં પહોંચવું છે ? દિશાઓ નિશ્ચિત કરી લઈને “આપણા વર્ગો એ આપણી પ્રબળ આંકક્ષાઓનું ધરતીધામ” એવી શ્રદ્બા હ્રદયમાં ભરી લઈને, આવો, નવી કેડી પર કદમ ઉપાડીએ.